# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ 2020-21 માટે
## ધોરણ-10 : સામાજિક વિજ્ઞાન
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **કુલ ગુણ : 80**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન(A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 20 | 40 | 15 | 03 | 02 | 80 |
| ટકા (%) | 25% | 50% | 18.75% | 3.75% | 2.50% | 100% |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકા જવાબી પ્રશ્નો (SA-I) | 09 | 12 | 18 |
| 3. | ટૂંકા જવાબી પ્રશ્નો (SA-II) | 06 | 09 | 18 |
| 4. | લાંબા પ્રશ્નો (LA) | 05 | 07 | 20 |
| | કુલ | **44** | **52** | **80** |

**પ્રકરણ દીઠ ગુણભાર :**

| ક્રમ | પાઠ / પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના ગુણ | જનરલ વિકલ્પ સાથે ગુણ |
| 1. | ભારતનો વારસો | 06 | 06 |
| 2. | ભારતનો સાંસ્કૃતિક વારસો : હસ્ત અને લલિતકલા | 05 | 05 |
| 4. | ભારતનો સાહિત્યિક વારસો | 06 | 08 |
| 5. | ભારતનો વિજ્ઞાન અને ટૅક્નોલૉજી વારસો | 05 | 09 |
| 6. | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો | 06 | 09 |
| 8. | કુદરતી સંસાધનો | 05 | 05 |
| 9. | વન અને વન્યજીવ સંસાધન | 06 | 08 |
| 10. | ભારત : કૃષિ | 07 | 11 |
| 11. | ભારત : જળસંસાધન | 05 | 05 |
| 13. | ઉત્પાદન ઉદ્યોગો | 05 | 07 |
| 17. | આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી | 06 | 09 |
| 18. | ભાવવધારો અને ગ્રાહકજાગૃતિ | 07 | 11 |
| 19. | માનવ વિકાસ | 05 | 08 |
| 20. | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો | 06 | 06 |
| | કુલ | **80** | **107** |

**નોંધ :** જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે આ ગુણ અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-10 : સામાજિક વિજ્ઞાન**
**વાર્ષિક પરીક્ષા**
**પ્રશ્નપત્રનું માળખું**

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 80**

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ - A** | |
| 1 થી 24 | નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. 24 પ્રશ્નો હેતુલક્ષી. (દરેકનો 01 ગુણ)<br>● યોગ્ય જોડકાં જોડો. (01 થી 05)<br>● વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (06 થી 10)<br>● ખાલી જગ્યા પૂરો. (11 થી 15)<br>● એક-બે શબ્દોમાં જવાબ આપો. (16 થી 19)<br>● યોગ્ય વિકલ્પ પસંદ કરી MCQ ના જવાબ આપો. (20 થી 24) | 24 |
| | **વિભાગ - B** | |
| 25 થી 36 | નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. 12 (બાર) માંથી કોઈ પણ 9 (નવ) (દરેકનો 02 ગુણ) પ્રશ્નક્રમાંક 25 થી 36 ના આશરે 15 થી 30 શબ્દોમાં જવાબ આપો જેમાં નીચે મુજબના પ્રશ્નો પૂછી શકાશે.<br>● વિધાન સમજાવો / કારણ આપો.<br>● નીચે આપેલી વ્યક્તિઓનો પરિચય આપો.<br>● નીચે આપેલા ઐતિહાસિક / ભૌગોલિક સ્થળોની ઓળખ આપો.<br>● પારિભાષિક શબ્દો / સંકલ્પનાઓ સમજાવો.<br>● નીચે આપેલ પરિસ્થિતિજન્ય પ્રશ્નોના જવાબ વિચારીને લખો.<br>● ટૂંકમાં ઉત્તર આપો.<br>● મને ઓળખો. | 18 |
| | **વિભાગ - C** | |
| 37 થી 45 | પ્રશ્નક્રમાંક 37 થી 45 ના જવાબ આશરે 60 થી 80 શબ્દોમાં લખો. 9 (નવ)માંથી કોઈપણ 6 (છ)ના જવાબ લખો. (દરેકના 03 ગુણ)<br>37 ટૂંકનોંધ.<br>38 તફાવત.<br>39 (HOTS) ઉચ્ચ વૈચારિક કૌશલ્ય ધરાવતા પ્રશ્નનો જવાબ.<br>40 નીચે આપેલા સ્રોતો વાંચો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો.<br>41 ચિત્રોને જોઈને જવાબ આપો.<br>42 થી 43 મુદ્દાસર જવાબ આપો/સમજાવો/વર્ણવો.<br>44 થી 45 ઉપાયો / અસરો / પરિણામો / પરિબળો | 18 |
| | **વિભાગ - D** | |
| 46 થી 52 | પ્રશ્નક્રમાંક 46 થી 51 ના આશરે 100 થી 120 શબ્દોમાં સવિસ્તાર જવાબ લખો. 06 (છ) માંથી કોઈપણ 04 (ચાર) પ્રશ્નોના જવાબ લખો. (દરેકના 04 ગુણ) અને નકશાનો પ્રશ્ન નં.52 ફરજિયાત છે. પ્રશ્ન નં. 52 તમને આપેલ ભારતના રેખાંકિત નકશામાં નીચેના સ્થાન દર્શાવો. (નકશામાં ચાર સ્થળો દર્શાવવા) (04 ગુણ) | 20 |

**નોંધ :** ગુ.મા.ઉ.મા.શિ. બોર્ડ દ્વારા શૈક્ષણિક વર્ષ 2020-21 માટે અભ્યાસક્રમના રદ કરેલા પ્રકરણ/મુદ્દાઓમાંથી પ્રશ્નો પૂછવા નહિ.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**શૈક્ષણિક વર્ષ 2020-21 માટે**
**ધોરણ-10 : સામાજિક વિજ્ઞાન**
**વાર્ષિક પરીક્ષા**

**સમય : 3 કલાક** **નમૂનાનું પ્રશ્નપત્ર** **કુલ ગુણ : 80**

**સૂચનાઓ :**

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો આપેલા છે અને 52 પ્રશ્નો છે.
- દરેક વિભાગમાં સૂચના મુજબ પ્રશ્નો લખવા.
- પ્રશ્નોના જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
- વિભાગ-D માં પ્રશ્ન નં.52 નકશો ફરજિયાત છે.

## વિભાગ - A

- **નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (દરેકનો 1 ગુણ)** **[24]**
  - **યોગ્ય જોડકાં જોડો.**

| | (A) | | (B) |
|---|---|---|---|
| (1) | ભવનાથનો મેળો | (A) | ઔરંગાબાદ |
| (2) | સંગીતની ગંગોત્રી | (B) | રેગુર |
| (3) | અજંતાની ગુફા | (C) | નાઈઝર |
| (4) | કાળી જમીન | (D) | ડેનમાર્ક |
| (5) | નિમ્ન માનવ વિકાસ | (E) | સામવેદ |
| | | (F) | જુનાગઢ |

  - **નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(6) અભિજ્ઞાન શાકુંતલમ્ - ભાસની અતિ પ્રચલિત નાટ્યકૃતિ છે.

(7) પંપા, પોન્ના અને રન્ના એ પ્રારંભિક કન્નડ સાહિત્યની કવિ ત્રિપુટી તરીકે ઓળખાય છે.

(8) રવિપાકનો સમય ઑક્ટોબર-નવેમ્બર સુધીનો હોય છે.

(9) પ્લાસ્ટિક ઉદ્યોગને ''સનરાઈઝ ઈન્ડસ્ટ્રીઝ'' પણ કહે છે.

(10) ભારતમાં સૌથી વધુ ગરીબી ધરાવતું રાજ્ય મધ્યપ્રદેશ છે.

  - **નીચેના પ્રશ્નોના સંક્ષિપ્તમાં જવાબ આપો.**

(11) આપણાં પૂર્વજો તરફથી મળેલી અમૂલ્ય ભેટ એટલે શું ?

(12) ''ગીત ગોવિંદ''ની રચના કોણે કરી હતી ?

(13) ભારતમાં જમીનના પ્રકારો કેટલાં છે ?

(14) કોને ગ્રાહક આંદોલનના જન્મદાતા કહેવામાં આવે છે ?

  - **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(15) ____________ ચીની મુસાફર નાલંદા વિદ્યાપીઠમાંથી 657 હસ્તલિખિત ગ્રંથો પોતાની સાથે લઈ ગયો હતો. (ફાહિયાન, યુ-એન-શ્વાંગ, ઇત્સિંગ)

(16) ભાસ્કરાચાર્યે ઈ.સ. 1150માં ______________ નામનાં ગ્રંથની રચના કરી હતી. (લીલાવતી ગણિત, દશગીતિકા, કાલગણના)

(17) _______________ નું મંદિર કાળા પથ્થરોમાંથી બન્યું હોવાથી તેને ''કાળા પેગોડા'' તરીકે પણ ઓળખવામાં આવે છે. (બૃહદેશ્વર, મોઢેરાનું સૂર્યમંદિર, કોર્ણાકનું સૂર્યમંદિર)

(18) મહિલા સુરક્ષા અંતર્ગત માર્ગદર્શન મેળવવા માંગતી મહિલાઓને કોલથી મદદ મળી રહે તે માટે _______________ નંબરની અભયમ્ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. (100, 101, 181)

(19) કે.એન.એફ અને કે.એન.એ. _______________ રાજ્યના બળવાખોરી સંગઠન છે. (નાગાલેન્ડ, મણિપુર, ત્રિપુરા)

- **નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.**

(20) ધમાલ નૃત્ય કરતાં સીદીઓ મૂળ ક્યાંનાં વતની હતાં ?

(A) રાજસ્થાન (B) અંદમાન (C) આફ્રિકા (D) થાઈલેન્ડ

(21) તાજમહલ - શાહજહાં, હુમાયુંનો મકબરો _______________

(A) જહાંગીર (B) હુમાયું (C) હમિદાબેગમ (D) અકબર

(22) ભારતમાં લેવાતાં કેટલાંક પાક, તે માટેની જમીન, વાવેતર ક્ષેત્રો, આબોહવા, ખાસિયતો વગેરેની વિગતોની કેટલીક ગોઠવણી નીચે જણાવેલ છે, તે પૈકી કોઈ એક ગોઠવણી સાચી નથી તે ઓળખો.

(A) જુવાર : રેતાળ જમીન - 100 સે.મી. જેટલો વરસાદ, આંધ્રપ્રદેશ - ચરોતર, રોકડીયો પાક

(B) ઘઉં : કાળી ગોરાડુ જમીન, સમશીતોષ્ણ કટિબંધ - રવિપાક, પંજાબ - ભાલ - અનાજનો રાજા

(C) શેરડી : કાળી જમીન - ગરમ અને ભેજવાળી આબોહવા, 75 થી 100 સે.મી. વરસાદ - ઉત્તરપ્રદેશ - દક્ષિણ ગુજરાત - રોકડીયો પાક

(D) શણ : નદીનાં મુખત્રિકોણ પ્રદેશની કાંપવાળી જમીન - ગરમ અને ભેજવાળી આબોહવા - પં.બંગાળ, અસમ - રોકડીયો પાક.

(23) ભારતનું કયું નગર ''સિલિકોન વેલી'' તરીકે જાણીતું બન્યું છે ?

(A) દિલ્લી (B) બેંગ્લુરું (C) જયપુર (D) નાગપુર

(24) બંધારણના કયા આર્ટિકલ પ્રમાણે અસ્પૃશ્યતા નાબૂદ કરવામાં આવી છે ?

(A) આર્ટિકલ-25 (B) આર્ટિકલ-29 (C) આર્ટિકલ-17 (D) આર્ટિકલ-46

## વિભાગ - B

- **નીચે આપેલા કુલ બાર પ્રશ્નોમાંથી કોઈપણ નવ પ્રશ્નોના જવાબ લખો. (દરેકના 2 ગુણ)** **[18]**

(25) ''ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે.'' -વિધાન સમજાવો.

(26) ઑસ્ટ્રેલૉઈડ પ્રજાએ ભારતની સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસમાં મહામૂલો ફાળો આપ્યો છે ?

(27) ભારતના સાહિત્ય વારસામાં પ્રાચીન ગુજરાતી સાહિત્યનું પ્રદાન વર્ણવો.

(28) ભારતીય પ્રાચીન સાહિત્યમાં વેદો કેટલાં છે ? ક્યાં ક્યાં ?

(29) જમીન ધોવાણ અટકાવવાનાં ઉપાયો જણાવો.

(30) વાઘ પરિયોજનાનો ટૂંકમાં પરિચય આપો.

(31) વહીવટી દૃષ્ટિએ જંગલોનાં પ્રકારો ક્યાં ક્યાં છે ? તેને ટૂંકમાં સમજાવો.

(32) બહુહેતુક યોજનાઓના લાભાલાભ જણાવો.

(33) ''હાલમાં ભારતનો શણ ઉદ્યોગ અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે.'' - આવું તમે શેના આધારે કહી શકો ?

(34) પર્યાવરણીય અતિક્રમણને રોકવાનાં ઉપાયો જણાવો.

(35) ગરીબીની સંકલ્પના લખો અને તેનાં કોઈપણ ત્રણ લક્ષણો જણાવો.

(36) નીચે આપેલાં ચિત્રોને ઓળખી, તેનાં પૂરાં નામ લખો.

(1)




(2)




## વિભાગ - C

- **નીચે આપેલા કુલ નવ પ્રશ્નોમાંથી કોઈપણ છ પ્રશ્નોના મુદ્દાસર જવાબો લખો. (દરેકના 3 ગુણ)** **[18]**

(37) ''એવું કોઈ શાસ્ત્ર નથી, એવું કોઈ શિલ્પ નથી, એવી કોઈ વિદ્યા નથી, એવું કોઈ કર્મ નથી.'' - આ વિધાન જે કલા સાથે જોડાયેલ છે તેના વિશે જણાવો.

(38) ટૂંકનોંધ લખો : ખજુરાહોનાં મંદિરો.

(39) અમદાવાદમાં આવેલ સાંસ્કૃતિક વારસાનાં સ્થળોની યાદી બનાવો.

(40) તફાવત સ્પષ્ટ કરો : અભ્યારણ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન

(41) વૃષ્ટિ જળ સંચયનનાં મુખ્ય ઉદ્દેશો જણાવો.

(42) ગરીબી ઉદ્ભવવાનાં કારણો લખો.

(43) વિશ્વ શ્રમ બજાર વિશે નોંધ લખો.

(44) આપેલાં કોષ્ટકના આધારે નીચે આપેલ પ્રશ્નોના ઉત્તરો તેમાંથી શોધીને લખો.

**માનવ વિકાસ અહેવાલમાં માનવ વિકાસ આંકના આધારે દેશોનું વર્ગીકરણ**

| ક્રમ | માનવ વિકાસ ધરાવતા દેશો | વિભાજનનો ક્રમ ક્રમ | માનવ વિકાસ આંક (HDI) | મુખ્ય દેશો |
|---|---|---|---|---|
| 1. | ઉચ્ચતમ માનવ વિકાસ | 1 થી 49 | 0.802 થી વધુ | નોર્વે, ઓસ્ટ્રેલિયા, સ્વિત્ઝરલેંડ, ડેન્માર્ક, નેધરલેંડ, અમેરિકા, સિંગાપુર, બ્રિટન, જાપાન, ફ્રાંસ |
| 2. | ઉચ્ચ માનવ વિકાસ | 50 થી 105 | 0.700 થી 0.798 | રશિયા, મલેશિયા, ઈરાન, શ્રીલંકા, મેક્સિકો, બ્રાઝીલ, ચીન, થાઈલેન્ડ, જમૈકા |
| 3. | મધ્યમ માનવ વિકાસ | 106 થી 143 | 0.555 થી 0.698 | ઈન્ડોનેશિયા, ફિલિપિન્સ, દક્ષિણ આફ્રિકા, ઈરાક, ભારત |
| 4. | નિમ્ન માનવ વિકાસ | 144 થી 188 | 0.550 થી નીચે | કેન્યા, પાકિસ્તાન, નાઈજીરીયા, ઝિમ્બાબ્વે નાઈઝર |

**પ્રશ્નો :** (1) ઉચ્ચતમ માનવ વિકાસ આંક ધરાવતો પ્રથમ ક્રમાંકનો દેશ કયો છે ?

(2) ભારત કયા માનવ વિકાસ આંક ધરાવતાં દેશોનાં સમૂહમાં સમાવિષ્ટ થાય છે ?

(3) ઉચ્ચ માનવ વિકાસ માટેનો HDI કયો છે ?

(45) મહિલા સમાનતા અંગે ગુજરાત સરકારની વિવિધ યોજનાઓ વિશે લખો.

## વિભાગ - D

- **નીચે આપેલા 46 થી 51 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર પ્રશ્નોના જવાબ આપો અને પ્રશ્ન-52 નકશો ફરજિયાત છે. (દરેકના 4 ગુણ)** **[20]**

(46) ખગોળશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્ર વિશે સવિસ્તાર ઉત્તર લખો.

(47) કૃષિ ક્ષેત્રે થયેલાં ટૅકનિકલ સુધારા વિશે ટૂંકનોંધ લખો.

(48) ભારતમાં ઋતુઓનાં સંદર્ભમાં કૃષિ પાકો વિશે ચર્ચા કરો.

(49) ગ્રાહકોની ફરજો કઈ કઈ છે - તેની વિસ્તૃત સમજ આપો.

(50) ''આખી દુનિયાનો વ્યવહાર ગણિતશાસ્ત્રથી ચાલે છે'' તેવા પ્રાચીન શાસ્ત્ર વિશે લખો.

(51) આતંકવાદ - વૈશ્વિક સમસ્યા છે. - તે વિશે લખો.

(52) ભારતનાં રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) રણ પ્રકારની જમીન

(2) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન

(3) શેરડી ઉત્પાદન કરતું રાજ્ય - ઉત્તરપ્રદેશ

(4) રાસાયણિક ખાતરનું ઉત્પાદન કરતું કેન્દ્ર

- દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે - નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) રણ પ્રકારની જમીન ક્યાં રાજ્યમાં આવેલી છે ?

(2) ગીર રાષ્ટ્રીય ઉદ્યાન ક્યાં રાજ્યમાં આવેલું છે ?

(3) ભારતમાં શેરડીનું સૌથી વધુ ઉત્પાદન કરતું રાજ્ય કયું છે ?

(4) દેશનું સૌ પ્રથમ ખાતરનું ઉત્પાદન કરતું કારખાનું ક્યાં આવેલું છે ?

●●●